વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

VOL. LVIII] THURSDAY, AUGUST 17, 2017/SRAVANA 26, 1939 [No. 33

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-A

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Central Acts**

**શ્રમ અને રોજગાર વિભાગ**

**જાહેરનામું**

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી જૂલાઇ ૨૦૧૭.

**કારખાના અધિનિયમ, ૧૯૪૮.**

**ક્રમાંક:જીએચઆર–૧૨૩–૨૦૧૭–:એફએસી:૧૪૨૦૧૪–૭૫૧૮૯૮–મ(૩),** કારખાના અધિનિયમ, ૧૯૪૮(સને ૧૯૪૮ ના ૬૩ માં)ની કલમ–૬૬ (૧) ખંડ (બી) ના પરંતુક થી મળેલ સત્તાની રૂએ અંબુજા એક્ષપોર્ટ લી. (કોટન યાર્ન ડીવીઝન) દલપુર, તા.પ્રાંતિજ, જિ.સાબરકાંઠાની તા.૩૦/૦૫/૨૦૧૭ના પત્રથી સ્ત્રી શ્રમયોગીઓને બપોરના ૦૩–૦૦ થી રાત્રીના ૧૧–૦૦ કલાક સુધીની બીજી પાળી તથા રાત્રિના ૧૧–૦૦થી સવારના ૦૭–૦૦ કલાક સુધીની ત્રીજી પાળીમાં કામે રાખવા માટેની રજુઆતના સંદર્ભમાં જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી એક વર્ષની મુદત માટે નીચેની શરતોને આધીન રહીને બપોરના ૦૩–૦૦ થી રાત્રીના ૧૧–૦૦ કલાક સુધી તથા રાત્રીની ૧૧–૦૦ થી સવારના ૦૭–૦૦ કલાક સુધીની ત્રીજી પાળીમાં સ્ત્રી શ્રમયોગીઓને કામે રાખવાની આથી મંજુરી આપવામાં આવે છે.

૧. સ્ત્રી શ્રમયોગીઓને તેમના રહેઠાણથી કારખાનામાં અને કારખાનામાંથી રહેઠાણ સુધી લાવવા લઇ જવાની મફત વ્યવસ્થા કરવાની રહેશે.

૨. ઉપર મુજબની વ્યવસ્થા પુરી પાડવામાં આવે તે સ્ત્રી શ્રમયોગીઓને લાવવા લઇ જવા માટે પૂરતી સલામતીની વ્યવસ્થા કરવાની રહેશે.

૩. સ્ત્રી શ્રમયોગીઓને વાહનમાં લાવવા લઇ જવાનું સ્થાન સ્ત્રી શ્રમયોગીઓના રહેઠાણથી ૫૦૦ મીટર કરતા વધુ દૂર ન હોવું જોઇએ. આવવા જવા માટેના વાહનના પીક–અપ સ્થાન કોઇપણ સ્ત્રી શ્રમયોગીના રહેઠાણ કરતા ૫૦૦ મીટર કરતા વધુ દૂર ન હોવું જોઇએ.

૪. સ્ત્રી શ્રમયોગીનું રહેઠાણનું સરનામું બદલાઇ જાય (સામાન્ય રીતે લગ્ન થતા સરનામું બદલાય છે) તો પીક–અપ સ્થાન ફરીથી નક્કી કરવું અથવા સદરહું સ્ત્રી શ્રમયોગીને પ્રથમ પાળી કે જનરલ પાળીમાં જ કામે રાખવામાં આવે તે રીતે વ્યવસ્થા કરવાની રહેશે.

૫. સ્ત્રી શ્રમયોગીના ૬ વર્ષથી નાના બાળકો માટે લાગુ પડતું હોય તેવા કિસ્સામાં ઘોડિયા ઘર માટે ગુજરાત કારખાના નિયમ–૧૯૬૩ના નિયમ ૮૩–૮૩–એ મુજબ યોગ્ય લાયકાતવાળી સ્ત્રી ની નિમણૂક કરવી.

૬. કારખાના ધારો, ૧૯૪૮ની કલમ, ૬૬(૧)(બી) માંથી જે શરતોએ મુક્તિ આપવામાં આવે તે શરતો ગુજરાતી ભાષામાં કારખાનામાં શ્રમયોગીઓ વાંચી શકે તે રીતે મુક્તિના સમયગાળા દરમિયાન કારખાનામાં પ્રદર્શિત કરવાની રહેશે.

૭. જે સ્ત્રી શ્રમયોગીઓને બીજી અને ત્રીજી પાળી એટલે કે, બપોરના ૦૩–૦૦ થી રાત્રીની ૧૧–૦૦ કલાક સુધી તથા રાત્રિના ૧૧–૦૦ થી સવારના ૦૭–૦૦ કલાક સુધીની પાળીમાં કામે રાખવામાં આવે તે સ્ત્રી શ્રમયોગીઓની કામ કરવાની લેખિતમાં સંમતિ મેળવવાની રહેશે.

૮. ગર્ભ ધારણ અથવા બાળ જન્મને સંબંધિત ન હોય તેવા ન્યાયિક કારણો સિવાય સ્ત્રી શ્રમયોગીઓને ડીસમીસ કરી શકાશે નહીં કે નોટીસ આપી શકાશે નહીં. તે અંગેની જાણકારી સ્ત્રી શ્રમયોગીઓને કરવાની રહેશે.

૯. સ્ત્રી શ્રમયોગીઓ માટે સ્ત્રી સુપરવાઇઝરની વ્યવસ્થા કરવાની રહેશે.

૧૦. સ્ત્રી શ્રમયોગીઓની જાતિય સતામણી ન થાય તે માટે નામ. સુપ્રિમ કોર્ટના રીટ પીટીશન નં.૬૬૬ થી ૬૭૦/૧૯૯૨ ના તા.૧૩–૬–૯૭ ના ચુકાદાની સુચનાઓનો અમલ કરવાનો રહેશે.

૧૧. નામદાર ગુજરાત હાઇકોર્ટના સીએવી જજમેંટ સ્પે.સી.એ. નં.૨૯૮૪/૨૦૧૨ના પારા ૨૫.૧ માં આપેલ ચૂકાદા મુજબ મહિલા શ્રમયોગીઓને રાત્રી પાળીમાં રાખવામાં આવે તે માટે કંપનીએ સેફ્ટી અને સીક્યુરીટીની ચુસ્તપણે કાળજી લેવાની રહેશે.

૧૨. આ શરતોનો ભંગ/ઉલ્લંઘન થયેલ જણાશે તો કારખાના ધારાની કલમ–૬૬(૧)(બી) માંથી આપવામાં આવેલ મુક્તિ રદ થયેલ ગણાશે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

૧૩. આ હુકમથી આપવામાં આવેલ મંજુરીમાં જણાવેલ શરતોના પાલનનો અહેવાલ દર માસે સ્થાનિક કચેરીને તેમજ વડી કચેરીને કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**ઓ.વી.બાવળીયા,**
સેકશન અધિકારી
શ્રમ અને રોજગાર વિભાગ.

---

## LABOUR AND EMPLOYMENT DEPARTMENT

**Notification**

Sachivalay, Gandhinagar, 5th August, 2017

**The General Clauses Act, 1897.**

**No.KHR-2017-126-SCA-152014-104578-M-3** :- In exercise of the power conferred by sub section (1) of section 10 of the Contract Labour (Regulation and abolition) Act, 1970 (37 of 1970) the State Government vide Notification No. GU-90-223-CLA-1083-C-20-(A)M-(3), dated.28/09/1990 had prohibited the employment of Contract Labour in process / operation shown under below in the Gujarat Narmada Valley Fertilizers & Chemicals Ltd (GNFC) Bharuch.

**(1) Sweeping and Cleaning.**

(Removal and refuse and garbage in the factory premises.)

**(2) Removal** and disposal of Garbage, small scrap, cut-grass, debris, rocks etc. from different locations of factory area and service building.

**(3) Cleaning** of amonia and urea plants.

**(4) Cleaning** and Miscellaneous job in urea plant.

Whereas the State Government has received a representation from the Gujarat Narmada Valley Fertilizers & Chemicals Ltd (GNFC) Bharuch to exempt from the prohibition of above item (1) to (4) referred herein above of the said notification.

In exercise of power conferred by provision of Section 21 of the General Clauses Act, 1897 now, the State Government after considering the representation of GNFC, is hereby withdrawn the prohibition of above item (1) to (4) referred herein above of the said notification dated. 28/09/1990.

By order and in the name of Governor of Gujarat.

**R.H.VASAVA,**
Deputy Secretary to Government.

---

**LEGAL DEPARTMETN**

**NOTIFICATION**

Sachivalaya, Gandhinagar, 21st July, 2017.

**Constitution of India.**

**No: GK/50/2017/CFO/102006/2190/H** :- In exercise of the powers conferred by the proviso to article 309 of the Constitution of India and in supersession of all the rules made in this behalf, the Governor of Gujarat hereby makes the following rules to provide for regulating recruitment to the post of Inspecting Officer (Court Fees), Class I, in the General State Service, under the Inspecting Officer (Court Fees) and Ex-Officio Chief Inspector (Court Fees), Gujarat State, namely:-

1. These rules may be called the Inspecting Officer (Court Fees), Class I under the Inspecting Officer (Court Fees) and Ex-Officio Chief Inspector (Court Fees), Recruitment Rules, 2017.
2. Appointment to the post of Inspecting Officer (Court Fees), Class I, in the General State Service, under the Inspecting Officer (Court Fees) and Ex-Officio Chief Inspector (Court Fees), Gujarat State, shall be made by direct selection.
3. To be eligible for appointment by direct selection to the post mentioned in rule 2, a candidate shall -

(A) not be more than 43 years of age:

Provided that the upper age limit may be relaxed in favour of a candidate who is already in the service of the Government of Gujarat in accordance with the provisions of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967,

Provided further that nothing contained in clause (b) of sub-rule (9) of rule (8) of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967 shall be applicable in so far as relaxation of upper age limit as prescribed above is concerned;

(B) possess, -

(a) a degree in law or a degree in law (special) or law with five years course after Higher Secondary Certificate (H. S. C.) obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act 1956; and

(b) (1) have about five years combined or separate experience as a practicing Advocate or Attorney or Government Pleader in the High Court or Court Subordinate to the High Court of Civil Jurisdiction; or

(2) have about five years experience as an officer holding a judicial office in the Judicial Services of the State ; or

(3) (i) have about five years experience of Legal matters in the Government on the post which can be considered equivalent to the post not below the rank of Section Officer (Legal Side), Class II, in the Gujarat Secretariat Service or

(ii) have about five years experience of Legal matters in Local bodies, Government undertaking, Board, Corporation or Limited Company established under the Companies Act, 2013 on the post which can be considered equivalent to the post not below the rank of the Section Officer (Legal Side), Class II in the Gujarat Secretariat Service:

Provided that the such period of practice in concerned court as an advocate shall be certified by the Registrar General of High Court in case of candidate practicing in the High Court or by the Principal Judicial Officer in case of candidate practicing in the court subordinate to the High Court or Principal District Judge of the concerned District or Principal Judge of the City Civil Court where a candidate is practicing;

Explanation: Legal Matters means all work relating to drafting of legal notice, affidavit, parawise remarks etc, filing of suits, appeals, providing opinion, briefing the concerned Law Officer or Advocate for the concerned court case pending before various courts.

(C) possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules 1967; and

(D) possess adequate knowledge of Gujarati or Hindi or both.

(E) have sufficient knowled-- of Gujarati so as to enable him to speak, read and write in Gujarati and to translat. with ease from Gujarati into English and vice-versa. Such knowledge shall be certified:-

(i) in case of an advocate practicing in the High Court by the Registrar General and in case of an advocate practicing in court subordinate to the High Court by the Principal Judicial Officer, in case of a candidate is practicing in District or City Civil Court, by the Principal District Judge of the concerned District or Principal Judge of the City Civil Court as the case may be;

(ii) in case of a candidate working in Government, Legal bodies, Government undertaking, Board, Corporation or Limited Company established under the Companies Act, 2013, by the Head of the Office under whom such candidate is working.

**Explanation:-**

(a) The Candidate shall produce a certificate in Annexure-I regarding knowledge of Gujarati and English as mentioned above.

(b) In computing the period during which a person had been an advocate there shall be included the period during which he has held judicial office or vice-versa.

4. The candidate appointed by direct selection shall be on probation for a period of two years.

5. The candidate appointed by direct selection during his probation period, shall undergo pre-service training and pass the post-training examination in accordance with the provisions of the Pre-service Training and Examination Gazetted Officer's Rule, 1970.

6. The candidate appointed by direct selection shall during his probation period shall pass the qualifying examination for computer knowledge in accordance with the provisions of the Gujarat Civil Services Computer Competency Training and Examination Rules, 2006.

7. The candidate appointed by direct selection shall pass an examination in Hindi or Gujarati or both in accordance with the rules prescribed by the Government.

1. These rules may be called the Legal Assistant/Office Superintendent, Class III, in the subordinate services of the Superintendent of Stamps, Stamp and Valuation Department, Recruitment Rules, 2016.

2. Appointment to the post of Legal Assistant/Office Superintendent, Class III, in the subordinate services of the Superintendent of Stamps, Stamp and Valuation Department, Gujarat State, shall be made either ,-

(a) by promotion of a person of proved merit and efficiency from amongst the persons, who,-

(i) have worked for not less than five years in the cadre of Inspector of Stamps, Class III, in the subordinate services of the Stamp and Valuation Department.

(ii) have passed the qualifying examination for computer knowledge in accordance with the provisions of the Gujarat Civil Services Computer Competency Training and Examination Rules, 2006:

Provided that where the appointing authority is satisfied that a person having the experience specified in clause (a) above is not available for promotion and that it is necessary in the public interest to fill up the post by promotion even of a person having experience for a lesser period; it may, for reasons to be recorded in writing, promote such person who possesses experience of a period of not less than two-thirds of the period specified in clause (a) above; or

(b) by direct selection.

3. To be eligible for appointment by direct selection to the post mentioned in rule 2, a candidate shall,-

(a) not be more than 38 years of age:

Provided that the upper age limit may be relaxed in favour of a candidate who is already in the service of the Government of Gujarat in accordance with the provisions of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967;

(b) possess a bachelor's degree in law (special) or (General) or LL.B. (Integrated) after Higher Secondary School Certificate Examination obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3oftheUniversityGrants Commission Act, 1956,

(c) possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967; and

(d) possess adequate knowledge of Gujarati or Hindi or both.

4. The appointments by promotion and by direct selection shall be made in the ratio of 2 : 1.

5. The provisions of rule 9A of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967 shall be applicable in respect of a candidate appointed by direct selection.

6. The candidate appointed by direct selection or by promotion shall undergo such training and to pass such examination as may be prescribed by the Government.

7. The candidate appointed by direct selection required to furnish a security and surety bond in such form, for such amount and for such period as may be prescribed by the Government.

By order and in the name of the Governor of Gujarat,

**PRAVIN DHANDHUKIA,**
Under Secretary to Government.

---

Government Central Press, Gandhinagar.

8. The candidate appointed by direct selection shall have to undergo such training and pass such examination as may be prescribed by the Government.
9. The candidate appointed by direct selection shall furnish a security and surety bond in such form, for such amount and for such period as may be prescribed by the Government.

**Annexure-I**

(See Rule 3 (e))

Certificate

This is to certify that Mr./Mrs./Ms. ____________________ has worked as ____________ from Dt. ____________ to ____________ (or till date) in our office/High Court/Subordinate Court/District Court/City Civil Court/ Company/ Board/Corporation.

He /She is having sufficient Knowledge of Gujarati and English with ability to speak, read and write in Gujarati and to translate with ease from Gujarati into English and Vice-Versa.

Date : __________

Place : __________

Signature of Authority
with Designation
and Authorised Seal

By order and in the name of the Governor of Gujarat.

**D. M. BHABHOR,**

Deputy Secretary to Government.

---

**કાયદા વિભાગ**

**અધિસુચના**

સચિવાલય, ગાંધીનગર, ૨જી ઓગસ્ટ, ૨૦૧૭.

**ક્રમાંક: એનટીઆર/૧૦૨૦૧૭/૫૬૮/અ:-** નોટરી અધિનિયમ, ૧૯૫૨ અને તે હેઠળ ઘડેલા નોટરી નિયમો, ૧૯૫૬ અન્વયે શ્રી ગુણવંતલાલ નાથાભાઇ બારોટ, એડવોકેટને ખેડા જિલ્લાના બાલાશિનોર તાલુકા માટે નોટરી તરીકે તા.૦૯/૦૨/૨૦૧૦નાં રોજ નોટરી રજિસ્ટર નં. ૧૧૩૬ થી નિમણૂક આપવામાં આવેલ હતી. નોટરીશ્રીનાં તા.૨૦/૦૬/૨૦૧૭નાં પત્રથી કરેલ રજુઆતની વિગતે તેઓએ સ્વેચ્છાએ નોટરી પ્રમાણપત્ર પરત જમા કરાવેલ હોઇ સરકારશ્રીએ નોટરી અધિનિયમ, ૧૯૫૨ની કલમ–૧૦(એ)ની જોગવાઇઓ મુજબ શ્રી ગુણવંતલાલ નાથાભાઇ બારોટનું નામ નોટરી રજીસ્ટરમાંથી દૂર કરવા નિર્ણય કરેલ હોઇ, તેમનું નામ નોટરી રજીસ્ટરમાંથી દૂર કરવામાં આપે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**બી. એસ. ઉપાધ્યાય,**

સક્ષમ સત્તાધિકારી

કાયદા વિભાગ.

---

**REVENUE DEPARTMENT**

**NOTIFICATION**

Sachivalaya, Gandhinagar, 9th August, 2017.

**CONSTITUTION OF INDIA.**

**No. GHM-2017-65-M-STP-112014-3053-H.1** :- In exercise of the powers conferred by the proviso to article 309 of the Constitution of India and in supersession of all the rules made in this behalf, the Governor of Gujarat hereby makes the following rules to provide for regulating recruitment to the post of Legal Assistant/Office Superintendent, Class-III, in the subordinate services of the Superintendent of Stamps, Stamp and Valuation Department, Gujarat State, namely:-

Extra No. 65

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LIX ]  TUESDAY, MARCH 6, 2018/PHALGUNA 15, 1939

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૮.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના કાયદા વિભાગ- ના તારીખ : ૨૧મી જુલાઈ, ૨૦૧૭ના જાહેરનામા ક્રમાંક : જીકે/૫૦/૨૦૧૭/સીએફઓ/૧૦૨૦૦૬/૨૧૯૦/એચ- નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

વી. એન. શેખ,
સરકારના નાયબ સચિવ.

# Notification

## *Regarding*

## Inspecting Officer (Court Fees), Class I under the Inspecting Officer (Court Fees) and Ex-Officio Chief Inspector (Court Fees), Recruitment Rules, 2017.

**નિરીક્ષક અધિકારી (કોર્ટ ફી) અને હોદ્દાની રૂએ મુખ્ય નિરીક્ષક (કોર્ટ ફી) હેઠળ નિરીક્ષક અધિકારી (કોર્ટ ફી), વર્ગ ૧ ભરતી નિયમો, ૨૦૧૭ સંબંધી**

**જાહેરનામું.**

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખઃ ૨૧મી જુલાઇ, ૨૦૧૭.

**ભારતનું સંવિધાન .**

**ક્રમાંકઃ જીકે/ ૫૦/ ૨૦૧૭/ સીએફઓ/ ૧૦૨૦૦૬/ ૨૧૯૦/ એચઃ–** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નિરીક્ષક અધિકારી (કોર્ટ ફી) અને હોદ્દાની રૂએ મુખ્ય નિરીક્ષક (કોર્ટ ફી), ગુજરાત રાજ્ય હેઠળ સામાન્ય રાજ્ય સેવામાં નિરીક્ષક અધિકારી (કોર્ટ ફી), વર્ગ–૧ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા માટે નીચેના નિયમો કરે છેઃ–

૧. આ નિયમો નિરીક્ષક અધિકારી (કોર્ટ ફી) અને હોદ્દાની રૂએ મુખ્ય નિરીક્ષક (કોર્ટ ફી) હેઠળ નિરીક્ષક અધિકારી (કોર્ટ ફી), વર્ગ ૧ ભરતી નિયમો, ૨૦૧૭ કહેવાશે.

૨. નિરીક્ષક અધિકારી (કોર્ટ ફી) અને હોદ્દાની રૂએ મુખ્ય નિરીક્ષક (કોર્ટ ફી), ગુજરાત રાજ્ય હેઠળ સામાન્ય રાજ્ય સેવામાં નિરીક્ષક અધિકારી (કોર્ટ ફી), વર્ગ–૧ –ની જગા પરની નિમણૂક સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ–૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,–

(ક) ૪૩ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય–મર્યાદા હળવી કરી શકાશે:

વધુમાં, ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૮ના પેટા–નિયમ (૯)ના ખંડ (ખ)માંનો કોઈપણ મજકૂર, ઉપર ઠરાવ્યા પ્રમાણેની ઉપલી વય–મર્યાદા હળવી કરવાની બાબતને સંબંધિત હોય ત્યાં સુધી લાગુ પડશે નહિ;

(ખ) (ક) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી અથવા તે તરીકે માન્ય થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી કાયદાની અથવા કાયદા

(વિશેષ–special)-ની અથવા ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર મેળવ્યા પછી પાંચ વર્ષના અભ્યાસક્રમ સાથે મેળવેલી કાયદા–ની પદવી ધરાવતો હોવો જોઈશે; અને

(ખ) (૧) હાઇકોર્ટ અથવા દીવાની હકૂમત ધરાવતી હાઇકોર્ટની તાબાની કોર્ટમાં વ્યવસાયી વકીલ અથવા એટર્ની અથવા સરકારી વકીલ તરીકેનો આશરે પાંચ વર્ષનો સંયુક્ત અથવા પૃથક અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(૨) રાજ્યની ન્યાયિક સેવામાં, ન્યાયિક હોદ્દો ધરાવતા અધિકારી તરીકેનો આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(૩) (૧) ગુજરાત સચિવાલય સેવામાં, સેક્શન અધિકારી (કાયદાકીય બાજુ) વર્ગ ૨ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ન હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા પરનો, સરકારમાં કાનૂની બાબતોનો આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે; અથવા

(૨) ગુજરાત સચિવાલય સેવામાં, સેક્શન અધિકારી (કાયદાકીય બાજુ), વર્ગ ૨ના દરજ્જાથી ઊતરતા દરજ્જાની ના હોય તેવી જગાને સમકક્ષ ગણી શકાય તેવી જગા પર, સ્થાનિક મંડળો, સરકારી અન્ડરટેકિંગ (ઉપક્રમ), બોર્ડ, કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં, કાનૂની બાબતોનો આશરે પાંચ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે:

પરંતુ ઉમેદવાર જ્યાં વકીલાત કરી રહ્યો હોય તે સંબંધિત કોર્ટમાં વકીલ તરીકેનો વકીલાતનો આવો સમયગાળો, ઉમેદવાર હાઇકોર્ટમાં વકીલાત કરી રહ્યો હોય તેવા કિસ્સામાં, હાઇકોર્ટના મહા નોંધણી અધિકારી (રજિસ્ટ્રાર જનરલ) દ્વારા અથવા ઉમેદવાર હાઇકોર્ટની તાબાની કોર્ટમાં વકીલાત કરી રહ્યો હોય તેવા કિસ્સામાં, મુખ્ય અદાલતી અધિકારી દ્વારા અથવા સંબંધિત જિલ્લાના મુખ્ય જિલ્લા જજ અથવા શહેર દીવાની કોર્ટના મુખ્ય જજ દ્વારા પ્રમાણિત થયેલ હોવો જોઈશે;

સ્પષ્ટીકરણ: કાનૂની બાબતો એટલે કે કાનૂની નોટિસનું મુસદ્દા–લેખન, એફિડેવિટ, પરિચ્છેદ મુજબ વિશેષ–નોંધ વગેરે દાવા, અપીલ ફાઇલ કરવા , અભિપ્રાય રજૂ કરવો, વિવિધ કોર્ટો સમક્ષના અનિર્ણિત કોર્ટ કેસો માટે સંબંધિત કાયદા અધિકારી અથવા સંબંધિત વકીલને માહિતી આપવાને લગતી તમામ કામગીરી.

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

(ચ) ગુજરાતીનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે જેથી તે ગુજરાતીમાં બોલવા, વાંચવા અને લખવા સક્ષમ હોય અને ગુજરાતીમાંથી અંગ્રેજીમાં અને અંગ્રેજીમાંથી ગુજરાતીમાં સરળતાથી ભાષાંતર કરી શકે. આવું જ્ઞાન,-

(૧) વકીલ હાઇકોર્ટમાં વકીલાત કરી રહ્યો હોય તેવા કિસ્સામાં, હાઇકોર્ટના મહા નોંધણી અધિકારી (રજિસ્ટ્રાર જનરલ) દ્વારા અથવા વકીલ હાઇકોર્ટની તાબાની કોર્ટમાં વકીલાત કરી રહ્યો હોય તેવા કિસ્સામાં, મુખ્ય અદાલતી અધિકારી દ્વારા અથવા ઉમેદવાર જિલ્લા અથવા શહેર દીવાની કોર્ટમાં વકીલાત કરી રહ્યો હોય તેવા કિસ્સામાં, સંબંધિત જિલ્લાના મુખ્ય જિલ્લા જજ અથવા યથાપ્રસંગ, શહેર દીવાની કોર્ટના મુખ્ય જજ દ્વારા પ્રમાણિત કરેલું હોવું જોઇશે;

(૨) ઉમેદવાર સરકાર, કાનૂની સંસ્થા, સરકારી અન્ડરટેકિંગ (ઉપક્રમ), બોર્ડ, કોર્પોરેશન અથવા કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ સ્થપાયેલી લિમિટેડ કંપનીમાં કામ કરી રહ્યો હોય તેવા કિસ્સામાં, ઉમેદવાર જેની નીચે કામ કરી રહ્યો હોય તે કચેરીના વડા દ્વારા પ્રમાણિત કરેલું હોવું જોઇશે.

સ્પષ્ટીકરણ :

(ક) ઉમેદવારે ઉપર જણાવ્યા પ્રમાણેના ગુજરાતી અને અંગ્રેજીના જ્ઞાનને લગતું પ્રમાણપત્ર અનેક્ષર ૧માં રજૂ કરવું જોઇશે.

(ખ) વ્યકિત જે સમયગાળા દરમિયાન વકીલ તરીકે કામ કરતો હોય તે સમયગાળાની ગણતરી કરતી વખતે, જે સમયગાળા દરમિયાન તેણે ન્યાયિક હોદ્દો સંભાળ્યો હોય તે સમયગાળાનો અથવા વકીલ તરીકેના સમયગાળાનનો સમાવેશ કરવો જોઇશે.

૪. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત માટે અજમાયશ પર રહેવું જોઇશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ–સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઇઓ અનુસાર પૂર્વ–સેવા તાલીમ લેવી જોઇશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવી જોઇશે.

૬. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન,ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઇઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી જોઇશે અને તેવી પરીક્ષા પાસ કરવી જોઇશે.

૯. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

**એનેક્ષર-૧**
**(જુઓ નિયમ ૩ (ચ))**

પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રીમાન/શ્રીમતી/કુ. ________________ એ તારીખ__________થી____________ સુધી (અથવા આજની તારીખ સુધી) ______________તરીકે અમારી કચેરી/ હાઇકોર્ટ/ તાબાની કોર્ટ/ જિલ્લા કોર્ટ/ શહેર દીવાની કોર્ટ/ કંપની/ બોર્ડ/ કોર્પોરેશનમાં કામ કર્યુ છે.

તે/તેણી ગુજરાતીમાં બોલી,વાંચી અને લખી શકવાની ક્ષમતા સાથે ગુજરાતી અને અંગ્રેજીનું પૂરતું જ્ઞાન ધરાવે છે અને સરળતાથી ગુજરાતીમાંથી અંગ્રેજીમાં અને અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર કરી શકે છે.

તારીખ: __________
સ્થળ: ____________

સત્તાધિકારીનો હોદ્દો અને સહી
અને અધિકૃત સીલ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**ડી. એમ. ભાભોર,**
સરકારના નાયબ સચિવ.

---------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.